પાટનગરનું પોતાનું અખબાર

# ગાંધીનગર સમાચાર

Gandhinagar વર્ષ : (૩૬) અંક નં. ૨૬૯ | ૧૧ ડિસેમ્બર, ૨૦૨૧, શનિવાર; માગશર સુદ - ૭ | પાનાં - ૮ કિંમત રૂ. ૨.૦૦

# જયહિંદ : જનરલ ને આખરી સલામ



## દેશના પ્રથમ સીડીએસ બિપિન રાવત પંચતત્વમાં વિલિન થયા : દેશના પ્રથમ ચીફ ઓફ ડિફેન્સ સ્ટાફની અંતિમ યાત્રામાં મહેરામણ ઉમટ્યું : રાષ્ટ્રીય સન્માન પૂર્વક ૧૭ તોપોની સલામી સાથે બિપિન રાવતને અંતિમ વિદાય અપાઈ, પુત્રીઓએ તેમને અને તેમનાં પત્નીને મુખાગ્નિ આપ્યો

નવી દિલ્હી, તા.૧૦

૮ ડિસેમ્બરના રોજ તમિલનાડુમાં થયેલા હેલિકોપ્ટર ક્રેશમાં પત્ની સાથે મોતને ભેટેલા દેશના પહેલા ચીફ ઓફ ડિફેન્સ સ્ટાફ જનરલ બિપિન રાવતના કર્મચારીઓ પણ હેલિકોપ્ટર દુર્ઘટનામાં શહીદ થયા હતા. તમામ મૃતકોના પાર્થિવ દેહને ગઈકાલે દિલ્હી લાવવામાં આવ્યા હતા. પીએમ મોદી, ગૃહમંત્રી અમિત શાહ, સંરક્ષણ મંત્રી



દિલ્હીમાં અંતિમ સંસ્કાર કરવામાં આવ્યા છે. સંપૂર્ણ લશ્કરી સમ્માન સાથે સ્વ. રાવતને ૧૭ તોપોની સલામી સાથે અંતિમ વિદાય આપી હતી. રાવત તેમજ તેમના પત્નીને તેમની બે દીકરીઓ કૃતિકા અને તારિણીએ મુખાગ્નિ અર્પણ કર્યો હતો. સ્વર્ગસ્થની આજે દિલ્હીના માર્ગો પર અંતિમ યાત્રા નીકળી તે વખતે પણ મોટી સંખ્યામાં લોકોએ હાજર રહીને તેમને સલામી આપી હતી.

રાવત અને તેમના પત્ની સાથે અન્ય ૧૨ અધિકારીઓ અને રાજનાથ સિંહે પણ તેમને શ્રદ્ધાંજલિ અર્પણ કરી હતી. આજે અંતિમ સંસ્કારમાં પણ અનેક નેતાઓ, મંત્રીઓ અને ટોચના લશ્કરી અધિકારીઓ હાજર રહ્યા હતા. દિલ્હી કેન્ટોન્મેન્ટમાં આવેલા બ્રાર સ્કવેર સ્મશાનગૃહમાં રાવત અને તેમના પત્નીના અંતિમ સંસ્કાર કરાયા હતા.

સેનાની ત્રણેય પાંખના વડાએ પણ સ્મશાન ગૃહમાં હાજર રહીને સ્વ. રાવતને શ્રદ્ધાંજલિ અર્પણ કરી હતી. ખેડૂત આંદોલનના નેતા રાકેશ ટિકૈત પણ



રાવતને શ્રદ્ધાંજલિ આપવા પહોંચ્યા હતા. આ ઉપરાંત, સુપ્રીમ કોર્ટના ચીફ જસ્ટિસ, યુપીના સીએમ આદિત્યનાથ, વિદેશ મંત્રી એસ. જયશંકર, નાણાંમંત્રી નિર્મલા સિતારમણ, સ્મૃતિ ઈરાની, મનસુખ માંડવિયાએ પણ રાવતને શ્રદ્ધાંજલિ અર્પણ કરી હતી. પાર્થિવ શરીરને અર્થી ઉઠાવીને ચિતા પર રાખવામાં આવ્યા બાદ સીડીએસ જનરલ રાવતની પુત્રીઓ કૃતિકા અને તારિણી મળીને પોતાના માતા-પિતાને રિત રિવાજ સાથે અંતિમ સંસ્કાર કર્યા હતા.

અહીં સીડીએસ જનરલ બિપિન રાવતની બંને પુત્રીઓએ રીત રિવાજ સાથે અંતિમ સંસ્કાર કર્યા. મોટી પુત્રીએ મુખાગ્નિ આપ્યો હતો. સીડીએસને તોપોની સલામી આપવામાં આવી. આ દરમિયાન ૮૦૦ જવાન હાજર રહ્યા.

ફ્રાંસે પણ જનરલ રાવતના નિધન પર શ્રદ્ધાંજલિ અર્પિત કરી છે. ભારતમાં તૈનાત ફ્રાંસના રાજદૂત ઈમૈનુએલ લેનિને કહ્યું, જનરલ બિપિન રાવત એક મહાન સૈન્ય, દ્રઢ સંકલ્પિત અને ફ્રાંસના મહાન મિત્ર હતા. તેમને હકિકતમાં પ્રેમથી યાદ કરવામાં આવશે.

સીડીએસ જનરલ રાવત સહિત ૧૩ સેનાધિકારીઓના આકસ્મિક નિધન પર બ્રિટને શોક વ્યક્ત કર્યો છે. ભારતમાં તૈનાત ત્યારે અંતિમ યાત્રામાં લોકો ભારત માતા કી જય, વંદે માતરમ અને જનરલ બિપિન રાવત અમર રહેના નારા લગાવ્યા હતા. રાજકીય સન્માન સાથે શહીદ સીડીએસ જનરલ બિપિન



બ્રિટનના રાજદૂત એલેક્સ એલિસે કહ્યું કે જનરલ રાવત જેવા એક મહાન નેતા, એક સૈનિક અને એક સારી વ્યક્તિ ગુમાવવા ભારત માટે દુખદ છે. રાજદૂતે કહ્યું કે જનરલ રાવત એવી વ્યક્તિ હતી, જેમણે રક્ષાના ક્ષેત્રમાં યૂકે અને ભારત વચ્ચે સંબંધો સારા બનાવવામાં મોટું યોગદાન આપ્યું. બંને દેશો માટે આ મોટું નુકસાન છે.

શહીદ સીડીએસ જનરલ બિપિન રાવતનો પાર્થિવ શરીર દિલ્હીના કેંટના બ્રાર સ્કાયર સ્થિત સ્મશાન ઘાટ જવા માટે નિકળ્યો રાવતની અંતિમ વિદાય થઈ હતી. બરાર સ્ક્વાયરમાં સીડીએસ જનરલ બિપિન રાવત અને તેમની પત્ની મધુલિકા રાવતના પાર્થિવ શરીરને દેશની મોટી વ્યક્તિઓ તરફથી શ્રદ્ધાંજલિ આપવામાં આવી. રક્ષામંત્રી રાજનાથ સિંહ કેંદ્રીય મંત્રી કિરેન રિજિજૂ, જનરલ વીકે સિંહે જનરલ રાવતને પુષ્પ ચક્ર અર્પણ કર્યું હતું. વિભિન્ન દેશોના સૈન્ય અધિકારીઓ અને રાજદૂતોએ પાર્થિવ શરીર પર પુષ્પચક્ર અપ્રિત કરી પોતાની શ્રદ્ધાંજલિ આપી.

## કેવાયસી અપડેટના નામે પૂર્વ ક્રિકેટર કાંબલી સાથે ઠગાઈ

નવી દિલ્હી, તા.૧૦

કેવાયસી(નો યોર કસ્ટમર)ની જાણકારી અપડેટ કરવાના નામે ફોન પર થતી છેતરપિંડીનો શિકાર ભારતીય ટીમનો પૂર્વ ક્રિકેટર વિનોદ કાંબલી પણ બન્યો છે

કેવાયસી અપડેટના નામે કાંબલી સાથે ૧.૧૩ લાખ રુપિયાની છેતરપિંડી ગઠીયાઓ કરી ગયા છે.આ અંગે કાંબલીએ પોલીસ ફરિયાદ પણ નોંધાવી છે.મળતી વિગતો પ્રમાણે ગઠીયાઓએ કાંબલીને ફોન કરીને પોતાની ઓળખ બેક્રના કર્મચારી તરીકે આપીને કેવાયસી અપડેટ કરવાના નામે તેની પાસે તેના બેક્ર એકાઉન્ટની જાણકારી મેળવી હતી.એ પછી કાંબલીના એકાઉન્ટમાંથી ૧.૧૩ લાખ રુપિયા ટ્રાન્સફર કરી લીધા હતા.

## દેશમાં કોરોના વાયરસના ૮૫૦૩ નવા કેસ

નવી દિલ્હી, તા.૧૦

દેશમાં જીવલેણ કોરોનાવાયરસનો પ્રકોપ ચાલુ છે. છેલ્લા ૨૪ કલાકમાં દેશમાં કોરોના વાયરસના ૮ હજાર ૫૦૩ નવા કેસ નોંધાયા છે. તે જ સમયે, ૬૨૪ લોકો મૃત્યુ પામ્યા હતા. દેશમાં અત્યાર સુધીમાં કોરોનાના ઓમિક્રોન વેરિઅન્ટના ૨૩ કેસ નોંધાયા છે. જાણો આજે દેશમાં કોરોનાની તાજેતરની સ્થિતિ શું છે.

કેન્દ્રીય સ્વાસ્થ્ય મંત્રાલય દ્વારા જારી કરવામાં આવેલા આંકડા અનુસાર, હવે દેશમાં એક્ટિવ કેસોની સંખ્યા ૯૪ હજાર ૯૪૩ છે. તે જ સમયે, આ રોગચાળાને કારણે જીવ ગુમાવનારા લોકોની સંખ્યા વધીને ૪ લાખ ૭૪ હજાર ૭૩૫ થઈ ગઈ છે. માહિતી અનુસાર, ગઈકાલે ૭૬૭૮ રિકવરી થઈ હતી. દેશવ્યાપી રસીકરણ અભિયાન હેઠળ અત્યાર સુધીમાં એન્ટી-કોરોનાવાયરસ રસીના ૧૩૧ કરોડથી વધુ ડોઝ આપવામાં આવ્યા છે.

## ઓસ્ટ્રેલિયામાં ૧૫મી ડિસેમ્બરથી વિદ્યાર્થીઓને પ્રવેશવા મંજૂરી

### કોરોનાને લીધે ઓસ્ટ્રેલિયાએ સરહદો બંધ કરી હતી : પહેલી ડિસેમ્બરથી ખુલનારી સરહદો હવે ૧૫મીથી ખૂલતાં દેશનાં ૨૨૦૦૦ વિદ્યાર્થીઓને લાભ થશે

મુંબઈ, તા.૧૦

૧૫ ડિસેમ્બરથી સંપૂર્ણ રસીકરણ થઈચૂક્યું હોય તેવા વિદેશી વિદ્યાર્થીઓ ઓસ્ટ્રેલિયાના વિવિધ રાજ્યો અનેપ્રદેશોમાં જઈ શકે છે. તેમણે ક્વોરન્ટીન થવાની પણ જરૂર નથી, તેવુંઓસ્ટ્રેલિયાના ગૃહ વિભાગની સત્તાવાર વેબસાઈટ પર લખવામાં આવ્યું છે.

અદાણી ઈન્સ્ટીટ્યૂટ ઓફ ઈન્ફ્રાસ્ટ્રક્ચર એન્જિનિયરિંગમાંથી એન્જિનિયરિંગઈન સિવિલ એન્ડ ઈન્ફ્રાસ્ટ્રક્ચરમાં ગ્રેજ્યુએશન કર્યા બાદ આકાશ મિસ્ત્રીએઓસ્ટ્રેલિયા જઈને માસ્ટર ડિગ્રી કરવાનો નિર્ણય કર્યો હતો. આકાશનેયુનિવર્સિટી ઓફ એડિલેઈડમાં જુલાઈ ૨૦૨૦માં એડમિશન મળ્યું હતું પરંતુ કોરોનામહામારીના કારણે ઓસ્ટ્રેલિયાએ પોતાની સરહદો બંધ કરી દેતાં તે કોલેજ કેમ્પસસુધી પહોંચી જ ના શક્યો. આકાશના ઓનલાઈન ક્લાસ શરૂ થઈ ગયા હતા અને પ્રતિસેમેસ્ટર બે વિષયોનો અભ્યાસ કરતો હતો. કોલેજમાં એડમિશન લીધાના ૧૭ મહિના બાદહવે આકાશ ઓસ્ટ્રેલિયા પહોંચીને પ્રત્યક્ષ અભ્યાસ કરશે.

## મારા પપ્પા મારા મોટિવેટર, મારા હિરો : લિડ્ડરની પુત્રી

નવી દિલ્હી, તા.૧૦

તામિલનાડુમાં હેલિકોપ્ટર ક્રેશમાં જનરલ રાવતની સાથે સાથે સેનાના અન્ય એક ટોચના અધિકારી બ્રિગેડિયર એલ એસ લિડ્ડરનુ પણ નિધન થયુ હતુ.



આજે બ્રિગેડિયર લિડ્ડરનો નશ્વર દેહ પંચમહાભૂતમાં વિલિન થયો હતો અને તે સમયે તેમની ૧૭ વર્ષની પુત્રીએ જે શબ્દો કહ્યા હતા તે સાંભળીને દરેકની આંખો ભીની થઈ ગઈ હતી. બ્રિગેડિયર લિડ્ડરની પુત્રી આસનાએ કહ્યુ હતુ કે, મારા પપ્પા મારા માટે સૌથી મોટા મોટિવેટર હતા.તેઓ મારી દરેક વાત માનતા હતા.પપ્પાની દરેક યાદ મારી સાથે રહેશે..તેઓ મારા હીરો હતા. આસનાએ કહ્યુ હતુ કે, આટલા વર્ષો સુધી હું તેમની લાડકી દીકરી હતી.તેઓ મારા હીરો હતા અને મારા બેસ્ટ ફ્રેન્ડ પણ હતા.મારા પિતાના નિધનથી દેશનુ નુકસાન થયુ છે.તેઓ મારા સૌથી મોટા મોટિવેટર હતા. બ્રિગેડિયર લિડ્ડરના પત્ની ગીતિકા લિડ્ડરે પોતાની લાગણીઓના કાબૂમાં રાખીને અંતિમ સમયે પતિને સલામી આપી હતી અને કહ્યુ હતુ કે, આ રીતે તેઓ ઘરે પાછા આવશે તેવી આશા તો અમે નહોતી રાખી પણ હું સૈનિકની પત્ની છું એટલે હસતા ચહેરે તેમને વિદાય આપી છે.

## રેલવેની રેસ્ટોરન્ટ ઓન વ્હીલને ભારે સફળતા મળી

મુંબઈ, તા.૧૦

મુંબઈના છત્રપતિ શિવાજી મહારાજ ટર્મિનસ સ્ટેશન પર થોડાક મહિના પહેલા રેસ્ટોરન્ટ ઓન વ્હીલ્સની શરૂઆત કરવામાં આવી હતી. આ રેસ્ટોરન્ટને જબરદસ્ત સફળતા મળી છે. હવે મધ્ય રેલ્વે વધુ માત્રામાં નોન ફેયર રેવન્યૂ જનરેટ કરવા માટે મુંબઈ ડિવિઝનના ૫ સ્ટેશન સહિત સમગ્ર મહારાષ્ટ્રમાં ૧૧ સ્ટેશન પર આ પ્રકારની શરૂઆત કરવા જઈ રહ્યું છે. CSMT સ્ટેશન બાદ LTT, કલ્યાણ, ઈગતપુરી, લોનાવાલા અને નેરૂલમાં રેસ્ટોરન્ટ ઓન વ્હીલ્સની શરૂઆત કરવામાં આવશે. જે માટે મધ્ય રેલ્વે તરફથી ટેન્ડર જાહેર કરવામાં આવ્યા છે.

મુંબઈની સાથે સાથે મહારાષ્ટ્રના નાગપુર, આકુર્લી સહિત ૬ સ્ટેશન પર આ રેસ્ટોરન્ટની શરૂઆત કરવામાં આવશે. નાગપુરમાં ટ્રેન કોચ પણ પ્લેસ કરવામાં આવ્યો છે અને તેના પર કામ શરૂ કરી દેવામાં આવ્યું છે. મધ્ય રેલ્વેના CPRO શિવાજી સતારે જણાવ્યું કે, ઝજીસ્માં શરૂ કરવામાં આવેલ રેસ્ટોરન્ટ ઓન વ્હીલ્સને શાનદાર સફળતા મળી છે.






પૂજ્ય છગનભા
"કર ભલા, હોગા ભલા"

સ્વ. માણેકલાલ એમ. પટેલ
"શિક્ષણ એ જ સાચી સેવા"

સર્વ વિદ્યાલય કેળવણી મંડળ, કડી-ગાંધીનગર
કડી સર્વ વિશ્વવિદ્યાલય, ગાંધીનગર
દ્વારા

**સન્માનનીય વડાપ્રધાન શ્રી નરેન્દ્રભાઈ મોદી પ્રતિ સાદર કૃતજ્ઞતા જ્ઞાપન**



સન્માનનીય વડાપ્રધાન **શ્રી નરેન્દ્રભાઈ મોદીએ** સૌરાષ્ટ્ર પટેલ સેવા સમાજ, સુરત દ્વારા તા. ૧૫ ઓક્ટોબર, ૨૦૨૧ના રોજ આયોજિત કુમાર છાત્રાલય ભૂમિ-પૂજન સમારોહ પ્રસંગે તેનું ઓનલાઈન ખાતમુહૂર્ત કરતાં પ્રાસંગિક ઉદ્‌બોધનમાં **શિક્ષણ અને સમાજ-સેવા ક્ષેત્રે ૧૦૨ વર્ષથી યશસ્વી સેવાઓ આપી રહેલા "સર્વ વિદ્યાલાય કેળવણી મંડળ" અને તેના આદ્ય પ્રેરણા-પુરુષ પરમ શ્રદ્ધેય ઋષિવર્ય પૂ. છગનભા એ આપેલ દૂરંદેશિતાશીલ સેવાઓની ઋણ સ્વીકારવાની ભાવના સાથે ગર્વભેર સરાહના કરી,** તેની સાદર નોંધ લેતાં સમગ્ર સર્વ વિદ્યાલય પરિવાર ગૌરવ અને ધન્યતાની લાગણી અનુભવવાની સાથે સન્માનનીય વડાપ્રધાનશ્રીનો હૃદયપૂર્વક આભાર માને છે.

ભારતના મહામહિમ રાષ્ટ્રપતિ દ્વારા સર્વ વિદ્યાલય કેળવણી મંડળ, કડી-ગાંધીનગર ના ચેરમેનશ્રી અને કડી સર્વ વિશ્વવિદ્યાલય, ગાંધીનગરના પ્રેસિડેન્ટ **શ્રી વલ્લભભાઈ એમ. પટેલ** ની રેલવે મંત્રાલય અંતર્ગત **"ઈન્ડિયન રેલવે ફાઈનાન્સ કોર્પોરેશન"** નવી દિલ્હીના નોન-ઓફિશિઅલ ઈન્ડિપેન્ડન્ટ ડાયરેક્ટર તરીકે નિમણૂક કરવા બદલ સર્વ વિદ્યાલય પરિવાર કૃતજ્ઞતાપૂર્વક આભારની લાગણી વ્યક્ત કરે છે.

સર્વ વિદ્યાલય કેળવણી મંડળ, કડી-ગાંધીનગર પરિવાર
કડી સર્વ વિશ્વવિદ્યાલય, ગાંધીનગર પરિવાર